# દહેજમાં હેડ કોન્સ્ટેબલ રૂ.60 હજારની લાંચ લેતાં ઝડપાયો

**પોસ્ટમોર્ટમ** નોટની કોપી આપવા બદલ રૂ.1 લાખની લાંચ માંગી હતી



ભરૂચ: દહેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કિરપાલસિંહ સોલંકીને લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ કાર્યવાહી લાંચ રૂશ્વત વિરોધી શાખા (ACB) દ્વારા છટકું ગોઠવીને હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ હેડ કોન્સ્ટેબલ સોલંકીએ એક કોન્ટ્રાક્ટર પાસેથી તેના કામદારના અકસ્માત મોતની જાહેરાત અને પોસ્ટમોર્ટમ (પી.એમ.) નોટની કોપી આપવા બદલ રૂ.1 લાખની લાંચ માંગી હતી. બાદમાં બંને વચ્ચે રૂ.70 હજારમાં વાત પાકી થઈ હતી. ACBને મળેલી ફરિયાદના આધારે ટીમે કોન્ટ્રાક્ટર સાથે સુરક્ષા કર્મચારીનો સ્વાંગ રચીને છટકું ગોઠવ્યું હતું. જ્યારે હેડ કોન્સ્ટેબલે રૂ.60 હજારની લાંચ સ્વીકારી, ત્યારે ACBની ટીમે તેને ઝડપી લીધો હતો. હાલમાં તેની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# અંકલેશ્વર હાઈવે પર કેમિકલ ભરેલા કન્ટેનરમાં આગ ભભૂકી

**આગને** કારણે ભરૂચ-અંકલેશ્વર વચ્ચે હાઇવે પર ટ્રાફિક ખોરવાયો


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.48 (NH-48) પર પાર્ક કરેલા કેમિકલ ભરેલા કન્ટેનરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના ભરૂચ-અંકલેશ્વર વચ્ચે બનતાં હાઈવે પર ટ્રાફિક ખોરવાયો હતો.

આગના ભડકા અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા, જેથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. હાઈવેની બાજુમાં આવેલી એક હોટલ પાસે પાર્ક કરાયેલા કન્ટેનરમાં આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની કેટલીક ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. સુરક્ષાના ભાગરૂપે પોલીસે સર્વિસ રોડ ખાલી કરાવી દીધો હતો અને હાઈવે પર વાહનવ્યવહારને નિયંત્રિત કર્યો હતો. જો કે, આગને કારણે NH-48 પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. કન્ટેનર ચાલકે જણાવ્યું હતું કે તે કેબિનમાં સૂતો હતો ત્યારે અચાનક આગ લાગી હતી. તેણે શરૂઆતમાં જાતે જ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ વધુ ફેલાતાં ફાયર વિભાગ અને પોલીસને જાણ કરી હતી. કન્ટેનરમાં કેમિકલ પાઉડર ભરેલો હોવાનું ચાલકે જણાવ્યું હતું. આગ લાગવાનાં કારણોની તપાસ હાલમાં ચાલી રહી છે. પોલીસ અને ફાયર વિભાગ દ્વારા વધુ વિગતો એકઠી કરવામાં આવી રહી છે.


ઈબ્રાહીમ કાનુ

# પીપોદરામાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી

**ત્રણ** ટેમ્પો સહિત લાખો રૂપિયાનો વેસ્ટેજ ખાખ થઈ ગયો

હથોડા: પીપોદરાની હદમાં કીમ ચાર રસ્તા નજીક આવેલી હોટલ ભાગ્યોદયની બાજુમાં એક વેસ્ટેજ (ભંગાર)ના ગોડાઉનમાં આજે અકસ્માતે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં નજીકના ગેરેજમાં સમારકામ માટે આવેલા ત્રણ ટેમ્પો પણ તેની ચપેટમાં આવી ગયા હતા અને બળીને ખાખ થઈ ગયા હતા. આગના ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી દેખાતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ કોસંબા અને કામરેજ ફાયર વિભાગની ટીમો તેમજ પાલોદ પોલીસ સ્થળ પર દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં મોટાપાયે નુકસાન થઈ ચૂક્યું હતું. આ લખાય છે ત્યાં સુધી ઘટના અંગે પાલોદ પોલીસ સ્ટેશનમાં કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### મહુવાની જી.એચ.ભક્ત હાઈસ્કૂલનું ઝળહળતું પરિણામ

ભોરિયા: મહુવા વિભાગ કેળવણી મંડળ સંચાલિત જી.એચ.ભક્ત હાઈસ્કૂલ અને બી.જી.ભક્ત ઈંગ્લિશ મિડિયમ શાળાએ વર્ષ-2026ની બોર્ડ પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ધોરણ-10માં શાળાનું 84% પરિણામ આવ્યું છે, જેમાં મુલતાની ખદીજાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે અને 3 વિદ્યાર્થી A1 ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં 72% પરિણામ સાથે પટેલ દિયા તથા સામાન્ય પ્રવાહમાં 80% પરિણામ સાથે પટેલ શ્રેયાંસી મોખરે રહી છે. વિશેષમાં, બી.જી.ભક્ત ઈંગ્લિશ મિડિયમ શાળાએ 100% પરિણામ મેળવી વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી છે. મંડળના પ્રમુખ સુભાષભાઈ ભક્ત, મંત્રી ગમનભાઈ ધીમર અને કારોબારી સભ્યોએ આ ભવ્ય સફળતા બદલ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

### મીઠુબેન પીટીટ અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળા ચાસવડની ધો.10માં સિદ્ધિ

ભરૂચ: કસ્તુરબા સેવાશ્રમ મરોલી સંચાલિત ચાર કેન્દ્રોનું ધો.10ના બોર્ડ સારું પરિણામ આવ્યું છે. આ વર્ષે મીઠુબેન પીટીટ અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળા ચાસવડે 97.43 ટકા મેળવ્યા છે. કલ્યાણજીભાઈ મહેતા અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળા આંબાવાડીના 92.85 ટકા, ઉત્તર બુનિયાદી કેવડીના 92.68 ટકા, શ્રમજીવી કુમાર છાત્રાલય મરોલી 82.35 ટકા તેમજ સ્વાવલંબી કન્યા છાત્રાલય મરોલીનું 81.81 ટકા પરિણામ આવ્યું છે.

### કીમના પ્રિન્સ મંત્રીએ SSCમાં 78% મેળવી પ્રેરણાદાયક ઇતિહાસ રચ્યો


કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામની પી.કે.દેસાઈ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પ્રિન્સ દિલીપભાઈ મંત્રીએ S.S.C. બોર્ડની પરીક્ષામાં 78 ટકા મેળવી સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રિન્સે મુળદ સ્થિત તપોવન વિદ્યાલય ખાતે લહિયાની મદદથી પરીક્ષા આપી આ સફળતા હાંસલ કરી છે. પ્રિન્સ જન્મથી જ Cerebral Palsy (મગજનો લકવો) જેવી દિવ્યાંગતા ધરાવે છે. ચાલવા-ફરવામાં અસમર્થ હોવા છતાં તેણે ક્યારેય હિંમત હારેલી નથી. પોતાના મજબૂત મનોબળ, સતત મહેનત અને શિક્ષણ પ્રત્યેની લગનથી તેણે આ સિદ્ધિ મેળવી સૌનું દિલ જીતી લીધું છે.

### વેરાવી કસ્તુરબા કન્યા છાત્રાલયનું એસએસસીનું 98% પરિણામ

વાંકલ: વાંકલમાં ગ્રામ પંચાયત સંચાલિત કસ્તુરબા છાત્રાલય, વેરાવીમાં 70 જેટલી વિદ્યાર્થિનીઓએ ધો.10ની પરીક્ષા આપી હતી, તેમાં 68 જેટલી વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થઈ છે. એ સાથે 98% જેટલું ઊંચુ પરિણામ આવ્યું છે, જેમાં પ્રથમ ક્રમે રોશની વસાવા 84.16%, બીજા ક્રમે જૈનેવી ચૌધરી 81.50%, ત્રીજા ક્રમે રિયા ગામીતે 79.66% મેળવતાં છાત્રાલયના ટ્રસ્ટીમંડળે વિદ્યાર્થિનીઓને શુભકામના પાઠવી હતી.

### નવાગામમાં કાર પાર્ક કરવા બાબતે પડોશી કારખાનેદારો વચ્ચે મારામારી

કામરેજ: કામરેજના નવાગામ સ્થિત ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિયલમાં કાર પાર્ક કરવા જેવી નજીવી બાબતે બે પરિવાર વચ્ચે હિંસક મારામારી થઈ હતી. મૂળ રાજકોટના અરવિંદભાઈ મકવાણાના પુત્ર નિલેશે કારખાના પાસે ગાડી પાર્ક કરતાં પાડોશી કારખાનેદાર ઘનશ્યામ મકવાણા અને તેના ભાઈઓએ વાંધો ઉઠાવ્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા ઘનશ્યામ, સુરેશ અને નરેશે ભેગા મળી પિતા-પુત્રને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. નરેશે લોખંડના પાઈપ વડે હુમલો કરતાં ઈજાગ્રસ્ત અરવિંદભાઈને હોસ્પિટલ ખસેડાયા હતા. સામા પક્ષે ઘનશ્યામે પણ અરવિંદભાઈ અને નિલેશ વિરુદ્ધ વળતી ફરિયાદ નોંધાવી છે. કામરેજ પોલીસે બંને પક્ષોના ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કારેલી ગામની ૨૦ વર્ષીય યુવતી ગુમ

પલસાણા: પલસાણાના કારેલી ગામની સ્વર્ગવીલા રેસિડેન્સીમાં રહેતી ૨૦ વર્ષીય રાગીની મોર્યા ૩ મેના રોજ ઘરેથી ગુમ થઈ છે. ૫ ફૂટ ૫ ઈંચ ઊંચાઈ અને ઘઉંવર્ણો વાન ધરાવતી રાગીનીએ વાઇન ટી-શર્ટ અને ગ્રે જીન્સ પહેર્યાં હતાં. તેના જમણા ગાલ પર તલનું નિશાન છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

### શિકેર આશ્રમશાળાનું SSC બોર્ડમાં ગૌરવ

વાલોડ: સુરત જિલ્લા ગ્રામ વિકાસ મંડળ તેમજ વાલોડ સંચાલિત ક્રમિક આશ્રમશાળા શિકેરના વિદ્યાર્થીઓએ ધો.10માં 100 ટકા પરિણામ મેળવી સમગ્ર પંથકમાં ડંકો વગાડ્યો છે. આ આશ્રમ શાળામાં પ્રથમ ક્રમે તેજસ્વીબેન ગિરીશભાઈ પવારે 78.50 ટકા મેળવ્યા છે. જ્યારે દ્વિતીય ક્રમે રવિનાબેન ચોહાનભાઈ પવારે 76.50 ટકા અને તૃતીય ક્રમે સોનલબેન ગણેશભાઈ વસાવાએ 75.67 ટકા મેળવ્યા હતા. આ ઝળહળતી સફળતા બદલ સુરત જિલ્લા ગ્રામ વિકાસ મંડળના ટ્રસ્ટી રામભાઈ ઢીમર, પ્રમુખ વસંતિકાબેન ચૌધરી અને મંત્રી વિનયભાઈ ચૌધરીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# ખાતરમાં બેફામ ભાવવધારા ખાંડની MSP બાબતે વિરોધ

**ખેડૂત** સમાજના નેજા હેઠળ બારડોલી ખાતે ખેડૂતોની વિશાળ સભા યોજાઈ



બારડોલી: સુરત જિલ્લાના ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નો અને વળતરની સમસ્યાઓના નિરાકરણ માટે સુરત જિલ્લા ખેડૂત સમાજના નેજા હેઠળ બારડોલી ખાતે ખેડૂતોની એક વિશાળ સભા યોજાઈ હતી. આ બેઠકમાં પાવરગ્રીડના વળતરથી લઈને ખાતરના ભાવવધારા અને ખાંડની MSP જેવા મુદ્દે ખેડૂતોએ પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

પાવરગ્રીડની અમદાવાદ-નવસારી વીજ ટ્રાન્સમિશન લાઈનના નિર્માણ દરમિયાન અનેક ખેડૂતોની જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ હજુ સુધી તેમને યોગ્ય વળતર મળ્યું નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે સરકારી અધિકારીઓ અને પાવરગ્રીડના સત્તાધીશોને વારંવાર રજૂઆત કરવા છતાં ભંડોળના બહાને વળતર ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોએ માગ કરી છે કે ૧ એપ્રિલ પછીની ચૂકવણીમાં ૧૦%ના વધારા સાથે વળતર આપવામાં આવે. જો ટૂંક સમયમાં ન્યાય નહીં મળે તો જિલ્લામાં ચાલતા અન્ય વીજ લાઈનનાં કામો પણ બંધ કરી દેવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ઉપરાંત જેટકોની નવી ૪૦૦ કેવીની લાઈનોનું આયોજન અને રેલવે કોરિડોર માટે થનારી જમીન સંપાદનની ભીતિએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. ખાતરના અસહ્ય ભાવવધારા અને જરૂરિયાત મુજબ ખાતરની ફાળવણી ન થવાને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. શેરડી પકવતા ખેડૂતોએ માંગ કરી છે કે ખાંડની MSP જે ઘણાં વર્ષોથી સ્થિર છે, તેને વધારીને ૪૨૦૦ રૂપિયા કરવામાં આવે.

સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલે સભાને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાન સમય ખેતી માટે અત્યંત કપરો છે. મોંઘું ખાતર અને અનિયમિત પુરવઠો ખેડૂતોને ખેતી છોડવા મજબૂર કરી રહ્યા છે. દરેક અસરગ્રસ્ત ખેડૂતને યોગ્ય ન્યાય અને વળતર નહીં મળે ત્યાં સુધી સંગઠિત લડત ચાલુ રહેશે.

## સોનગઢ, વ્યારા અને માંડવીમાં ગૌરક્ષકોની રેલી


હિતેશ પટેલ

સોનગઢ, વ્યારા, માંડવી, અંકલેશ્વર: સોનગઢ અને વ્યારા અને માંડવી નગરમાં ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ સાથે વિશાળ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.સોનગઢ નગરમાં રેલીબાદ મામલતદાર કચેરી ખાતે પ્રતિનિધિમંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું. વ્યારામાં પાનવાડી જિલ્લા સેવા સદન કચેરી સુધી રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. માંડવી ખાતે ગુરુવારે હિન્દુ સમાજ અને 'ગૌ સન્માન આહ્વાન અભિયાન' દ્વારા ગૌ સંરક્ષણ તેમજ ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ સાથે મામલતદાર કચેરીએ આવેદનપત્ર પાઠવી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

## અંકલેશ્વરમાં રિક્ષામાં સોનાની ચેઈન તફડંચીનો ભેદ ઉકેલાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના હાંસોટ રોડ પર રિક્ષામાં મુસાફરી કરી રહેલા 73 વર્ષીય વૃદ્ધાની નજર ચુકવી રૂ.2 લાખની સોનાની ચેઈન ચોરતી ટોળકીને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી છે.

નાંગલ ગામનાં શીતલબેન પટેલ લગ્ન પ્રસંગેથી પરત ફરતી વખતે રિક્ષામાં બેઠાં હતાં, ત્યારે રિક્ષાચાલક અને તેમાં સવાર બે મહિલાઓએ રિક્ષાને ઝટકા મારી તેમનું ધ્યાન ભટકાવ્યું હતું. તુલસીવિલા સોસાયટી પાસે તેમને ઉતારી ટોળકી ફરાર થઈ ગઈ હતી. અંકલેશ્વર 'એ' ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી આરોપી અશોક દેવીપૂજક, રેખા ચુડાસમા અને શકુ દેવીપૂજકની ધરપકડ કરી છે. આ ટોળકી અગાઉ પણ આવા ગુનાઓમાં સંડોવાયેલી હોવાનું બહાર આવ્યું છે.

# માછલીના ભાગ મુદ્દે ભાઈએ સાવકા ભાઈને પતાવી દીધો

**મચાવડીમાં** માતાની નજર સામે જ ઘાતકી હત્યા, માતા આખી રાત લાશ પાસે બેઠી

ભરૂચ: નેત્રંગના મચામડી ગામે માનવતાને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. માછલીના ભાગપાડાને લઈને સાવકા ભાઈઓ વચ્ચે થયેલા નજીવા વિવાદે એવું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે એક યુવકે પોતાની માતાની સામે જ સાવકા ભાઈની કોયતા વડે હત્યા કરી નાંખી હતી. પ્રાપ્ત વિગતો મુજબ કોટવાળીયા સમાજનાં 45 વર્ષીય મંજુબેન તેમના સાવકા પુત્ર પ્રવીણ ઉર્ફે રવીન સાથે ગત 4 મેના રોજ ધોલી ડેમ ખાતે માછીમારી માટે ગયાં હતાં. આખો દિવસ માછીમારી કર્યા બાદ મોડી રાત્રે મંજુબેનનો સગો પુત્ર જયેશ પણ ત્યાં આવી પહોંચ્યો હતો. ત્રણેયે મોડી રાત સુધી મહેનત કરી માછલીઓ પકડી, જેને બાદમાં ત્રણ ભાગમાં વહેંચવામાં આવી હતી. ત્યારે જ જયેશને થયું કે સાવકા ભાઈ પ્રવીણે તેને ભાગમાં ઓછી માછલી આપી છે. આ મામૂલી વાત પર બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. આવેશમાં આવીને જયેશે થેલીમાંથી શેરડી કાપવાનું તીક્ષ્ણ કોયતું કાઢી પ્રવીણના ગળા પર જોરદાર ઘા ઝીંકી દીધો હતો. માતાની નજર સામે જ પ્રવીણ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો અને ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

ઘાતકી કૃત્ય બદલ માતાએ જયેશને ઠપકો આપતાં હત્યારો પુત્ર કોયતું લઈને માતા પર તૂટી પડ્યો હતો. જેથી જીવ બચાવવા મંજુબેનને ત્યાંથી ભાગવું પડ્યું હતું. આશરે એક કલાક બાદ જ્યારે માતા પરત ફરી ત્યારે પ્રવીણ મૃત અવસ્થામાં પડ્યો હતો. આ કઠણ પરિસ્થિતિમાં માતા મંજુબેન આખી રાત પ્રવીણની લાશ પાસે બેઠી રહી હતી. જેથી કોઈ પ્રાણી તેને નુકસાન ન પહોંચાડે. બુધવારે સવારે ગ્રામજનો અને પોલીસને જાણ થતાં કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. નેત્રંગ પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપી જયેશની શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી.

# અમલસાડી નજીક ૪૨ લાખનો દારૂ ઝડપાયો

**રૂ.૫૨.૧૪** લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

પલસાણા: સુરત એલ.સી.બી.એ પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં અમલસાડીમાં નેશનલ એક્સપ્રેસ-વે નં.૪ પર બાતમીના આધારે વોચ ગોઠવી એક ટ્રકમાંથી રૂ.૪૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર અન્ય બે શખ્સને વોન્ટેડ જાહેર કર્યા છે.

સુરત ગ્રામ્ય એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ ચિરાગભાઈ જયંતીભાઈને મળેલી બાતમીના આધારે અમલસાડી ગામની સીમમાં મુંબઈથી દિલ્હી તરફ જતા નેશનલ એક્સપ્રેસ-વે પર તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ટાટા ટ્રક નંબર RJ-19-GC-8664 ને અટકાવી તલાશી લેતાં તેમાંથી વગર પાસ પરમીટે લઈ જવાતો વિદેશી દારૂની કુલ ૬૭૨૦ બાટલીઓ મળી આવી હતી. પોલીસે કાર્યવાહી દરમિયાન કુલ ૫૨,૧૪,૯૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં ૪૨,૦૬,૭૨૦ રૂપિયાની કિંમતની વિદેશી દારૂની ૬૭૨૦ બાટલીઓ, રૂ.૧૦,૦૦,૦૦૦ની કિંમતનો ટાટા ટ્રક, ૫,૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન અને ૩,૨૦૦ રૂપિયાની રોકડ રકમનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી ટ્રક ચાલક લાદુરામ રામરખરામ બિશ્નોઈ (રહે.,જોધપુર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે આ દારૂનો જથ્થો દિનેશ વ્યાસએ ભરાવ્યો હતો અને તે રાજકોટ ખાતે કોઈ અજાણ્યા ઈસમ સુધી પહોંચાડવાનો હતો. પોલીસે આ બંને મુખ્ય સૂત્રધારોને વોન્ટેડ જાહેર કરી તપાસ તેજ કરી છે. આ સમગ્ર કેસની વધુ તપાસ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.એન.જાડેજા ચલાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### લખીગામમાં ગાળો બોલવાની ના પાડતાં પડોશીનો ધારિયાથી હુમલો

ભરૂચ: વાગરાના લખીગામ નવી નગરીમાં રહેતો ડ્રાઈવિંગ રાકેશભાઈ રતનસંગ બારીયા (ઉં.વ.40) મંગળવારે સાંજે વિમલ લેવા અંબુભાઈ ગોહિલની દુકાને ગયા હતા. ત્યાં સંજય ચંદુભાઈ બારીયા જાહેરમાં અપશબ્દો બોલી રહ્યો હતો. રાકેશભાઈએ ગાળો બોલવાની ના પાડતાં સંજય બારીયા ઉશ્કેરાઈ ગયો અને જતાં જતાં "તારા હાથ-પગ કાપી નાંખી જાનથી મારી નાંખીશ" એવી ધમકી આપી હતી. થોડીવારમાં જ ઘરેથી લોખંડનું ધારિયુ લઈ આવ્યો અને પાછળથી આવી રાકેશભાઈના ડાબા પગના ગોઠણની પાછળ ભાગે ઘા કર્યો હતો. હુમલામાં પગમાંથી લોહી નીકળતાં ઘટના સ્થળે બૂમાબૂમ કરી હતી. આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. ઘાયલને પ્રથમ બિરલા કોપર કંપનીના આરોગ્ય કેન્દ્રમાં, ત્યાંથી સિવિલ હોસ્પિટલ ભરૂચ, ત્યાંથી SSG હોસ્પિટલ વડોદરા તેમજ સ્થિતિ નાજૂક લાગતાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યો છે.

### દહેજમાં ઝેરી કેમિકલ ઠાલવવાના કૌભાંડમાં 4 સામે ગુનો દાખલ

ભરૂચ: ભરૂચના દહેજ વિસ્તારમાં પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતું એક મોટું કૌભાંડ ભરૂચ LCBએ ઝડપી પાડ્યું હતું. સાયખા GIDCમાં આવેલી માલ્વીસ ઇન્ડસ્ટ્રિઝ દ્વારા અત્યંત જોખમી અને ઝેરી કેમિકલ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરવામાં આવતો હોવાનો ખુલાસો થયો છે. 11 એપ્રિલ-2026ના રોજ LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે જોલવા ગામ નજીક ખાડીમાં ટેન્કર દ્વારા કેમિકલ વેસ્ટ ઠાલવવાની તૈયારી ચાલી રહી છે, જેના આધારે પોલીસે સ્થળ પર પહોંચી RJ-09-GC-7832 નંબરનું ટેન્કર ઝડપી પાડ્યું હતું. ટેન્કર ચાલક સંદીપસિંહે શરૂઆતમાં 'Kaizen Pharmaceutical' ના બોગસ ઈન્વોઈસ અને ઈ-વે બિલ રજૂ કરી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઊંડાણપૂર્વકની તપાસમાં આ દસ્તાવેજો નકલી સાબિત થયા હતા. FSL અને GPCBના રિપોર્ટમાં આ કેમિકલ અત્યંત જોખમી અને એસિડિક હોવાનું બહાર આવ્યું છે, જેની pH વેલ્યુ 2થી પણ ઓછી નોંધાઈ છે. પોલીસે કુલ □10,45,533નો મુદ્દામાલ જપ્ત કરી કંપનીના માલિક અંબરીસ ગીરીશભાઈ માલવી, રાજકોટના હરિકૃષ્ણ ચૌહાણ સહિત અન્ય શખ્સો યોગેન્દ્રસિંહ અને રાહુલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાગરામાં ગંધાર સોલ્ટ કંપનીમાં લોખંડનો શેડ તૂટી પડતાં કામદારનું મોત



ભરૂચ: વાગરા તાલુકાના ગંધાર વિસ્તારમાં આવેલી ગંધાર સોલ્ટ કંપનીમાં એક ગંભીર ઔદ્યોગિક અકસ્માત સર્જાયો છે. કંપની પરિસરમાં કામગીરી દરમિયાન અચાનક લોખંડનો ભારે શેડ તૂટી પડતાં એક સ્થાનિક કામદારનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. પ્રાપ્ત પ્રાથમિક માહિતી મુજબ કંપનીમાં નિયમિત કાર્ય ચાલી રહ્યું હતું ત્યાં જ અચાનક જંગી લોખંડનો શેડ ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં ગંધાર ગામના રહેવાસી રમેશભાઈ માછી નામના કર્મચારી પર કાટમાળ પડતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. ભયાવહ અકસ્માતમાં સારવાર માટે ખસેડવા જાય એ પહેલાં જ કામદારનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને સંબંધિત તંત્રો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જો કે, અકસ્માતની ગંભીરતાને ધ્યાને લઈ હજુ સુધી પોલીસ વિભાગ તરફથી કોઈ ઔપચારિક ફરિયાદ નોંધાઈ નથી. સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

### રાજપીપળામાં બંધ મકાનમાં ચોરી

રાજપીપળા: રાજપીપળાના રેલવે સ્ટેશન સામે આવેલી ઇન્દ્રપુરી સોસાયટીમાં ઘરફોડ ચોરીનો બનાવ સામે આવ્યો છે. મકાન નં.22માં રહેતા કંચનભાઈ પોચાભાઈ વસાવાના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરમાંથી ચાંદીના સાંકળાની ત્રણ જોડ અને એક જુડો (અંદાજે કિંમત 80,000) તેમજ 50,000ની રોકડ રકમ મળી કુલ 1,30,000ના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં કિશોરીનો આપઘાત

રાજપીપળા: રાજપીપળાના વડિયાની રોયલ સનસિટીમાં રહેતા જિગ્નેશભાઈ દેશમુખની ૧૫ વર્ષીય પુત્રી અશ્વિકાબેને ગત રોજ બપોરે ઘરના પ્રથમ માળે પંખા સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. લાંબા સમય સુધી પુત્રી ન દેખાતાં પરિવારે શોધખોળ કરી હતી, જેમાં તે મૃત હાલતમાં મળી આવી હતી. આ મામલે રાજપીપળા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.